Seat No. : _______________

# MO-211

**May-2025**

**B.A., Sem.-IV**

**CC-213 : Gujarati**

**(મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. અખાના જીવન વિશેની આધારભૂત વિગતો ચર્ચી, છપ્પા સાહિત્યસ્વરૂપમાં તેમનું પ્રદાન ચર્ચો. **14**

**અથવા**

1. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતામાં પ્રદાન કરનાર પ્રમુખ સર્જકોનો પરિચય કરાવો. **14**

2. પ્રેમાનંદની જીવનરેખા આલેખી, આખ્યાનકૃતિઓને આધારે તેમની આખ્યાનકલાનો પરિચય કરાવો. **14**

**અથવા**

2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની આખ્યાન સાહિત્યસ્વરૂપની પરંપરા વિશે વિગતે નોંધ લખો. **14**

3. પદ્યવાર્તાકાર શામળનું જીવન અને કવન ચર્ચો. **14**

**અથવા**

3. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મુખ્ય પદ્યવાર્તાઓનો ટૂંકમાં પરિચય કરાવો. **14**

4. દયારામના જીવન વિશેની આધારભૂત વિગતો આલેખી પ્રેમલક્ષણાભક્તિ માર્ગમાં તેમનું પ્રદાન મૂલવો. **14**

**અથવા**

4. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસ્વરૂપ ગરબીની પરંપરા વિશે નોંધ લખો. **14**

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (ગમે તે **સાત**) **14**

   (1) પ્રેમાનંદનાં જીવન વિશે નીચેનામાંથી કઈ વિગત સુસંગત નથી ?
   - (a) કૃતિ : 'મામેરું'
   - (b) જીવનકાળ : બારમી સદી
   - (c) આશ્રયદાતા : શંકરભાઈ દેસાઈ
   - (d) વતન : વડોદરા

   (2) નીચેનામાંથી કઈ વિગત અખા સાથે જોડાયેલી છે ?
   - (a) સુથારીકામનો વ્યવસાય (b) ચાબખા સાહિત્યસ્વરૂપમાં પ્રદાન
   - (c) કૃતિ : 'અખેગીતા' (d) વતન : ખેડા

(3) નીચેનામાંથી કઈ પદ્યવાર્તાનું લેખન શામળ દ્વારા નથી થયું ?

(a) 'મદનમોહના' (b) 'નંદબત્રીસી'

(c) 'સિંહાસનબત્રીસી' (d) 'હંસાઉલી'

(4) નીચેનામાંથી કઈ વિગત દયારામના જીવન સાથે જોડાયેલી છે ?

(a) કૃતિ : 'ગંગાલહરી' (b) માતા : રાજકોર

(c) જન્મ : વડોદરા (d) મોસાળ : રાજકોટ

(5) નીચેનામાંથી કયા કવિ જ્ઞાનમાર્ગી કવિતામાં અખાના પુરોગામી કવિ છે ?

(a) દયારામ (b) માંડણ

(c) પ્રેમાનંદ (d) શામળ

(6) 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ' એ કયા કવિની પંક્તિ છે ?

(a) અખો (b) બાપુસાહેબ ગાયકવાડ

(c) ભોજો (d) ધીરો

(7) પ્રેમાનંદની આખ્યાન રચનાઓને સંદર્ભે નીચેનામાંથી કઈ જોડ બંધબેસતી નથી ?

(a) 'નળાખ્યાન' – ૬૫ કડવાં (b) 'ઓખાહરણ' – ૩૪ કડવાં

(c) 'રણયજ્ઞ' – ૨૬ કડવાં (d) 'મામેરું' – ૧૬ કડવાં

(8) આખ્યાન સાહિત્યસ્વરૂપ સાથે નીચેનામાંથી કઈ વિગત સુસંગત નથી ?

(a) વલણ (b) કડવું

(c) મંગલાચરણ (d) ઢોળાવ

(9) 'તું મુજને અડતાં શ્યામ થઈશ તો હું કયમ નહીં થાઉં ગોરો ?' કાવ્ય પંક્તિ કયા કવિની પંક્તિ છે ?

(a) પ્રેમાનંદ (b) દયારામ

(c) નાકર (d) નરસિંહ

(10) 'કામિનીને જિતી જેહણે જુગ બાધો જિત્યો તેહણે' – પંક્તિ શામળની કઈ પદ્યવાર્તાને અંતે આવે છે ?

(a) 'મદનમોહના' (b) 'પદ્માવતી'

(c) 'નંદબત્રીસી' (d) 'સૂડાબહોતેરી'

(11) 'રૂપસુંદરકથા' પદ્યવાર્તાના કવિ કોણ છે ?

(a) શામળ (b) શિવદાસ

(c) માધવ (d) મધુસૂદન વ્યાસ

(12) દયારામને 'બંસીબોલના કવિ'ની ઉપમા કોણે આપી છે ?

(a) ઉમાશંકર જોશી (b) ન્હાનાલાલ

(c) સુમન શાહ (d) સુરેશ જોશી